
# ધોરણ - 7 સામાજિક વિજ્ઞાન એકમ - 1


## રાજપૂતયુગ : નવા શાસકો અને રાજ્યો






**ઈસવીસન 700 થી ઈસવીસન 1200 વચ્ચેના 500 વર્ષના સમયગાળાને રાજપૂત યુગ અથવા મધ્યયુગ કહેવામાં આવે છે.**

**રાજપુતોના આ શાસન દરમિયાન હિન્દુ સંસ્કૃતિ પ્રજ્વલિત બની. અનેક નાના-મોટા રાજવંશો ભારતમાં રાજ્ય કરતા હતા.**




કનોજના સમ્રાટ હર્ષવર્ધનના અવસાન પછી સાતમી સદીમાં વિશાળ સામ્રાજ્યનું વિભાજન થયું અને ઉત્તર ભારતમાં નવા રાજવંશનો ઉદય થયો.

જેમ કે કનોજનુ ગઢવાલ રાજ્ય, બુંદેલખંડ (જેજાકભુક્તિના ) ચંદેલો ,માળવાનું પરમાર રાજ્ય, અણહિલવાડનું ચૌલુકીય (સોલંકી) રાજ્ય, ડાખલોનુ ચેદી રાજ્ય , શાકંભરીનુ ચૌહાણ રાજ્ય, દક્ષિણ રાજસ્થાનનું ગોહિલ રાજ્ય.





રાજપુતો બહાદુર અને ટેકીલા હતા.
આપેલ વચન કોઈપણ ભોગે પાળતા હતા.
દુશ્મનને પીઠ બતાવવા કરતા મૃત્યુ વધારે પસંદ કરતા.
તેઓ ગૌબ્રાહ્મણ પ્રતિપાલક હતા.
શરણે આવેલાનું કોઈ પણ ભોગે રક્ષણ કરતા.
લડાઈમાં પણ અધર્મ આચરતા નહીં.





ભારતની રાજપૂતાણીઓ વીર અને બહાદુર હતી.
પુત્ર અને પતિને હસતા મુખે યુદ્ધમાં વિદાય આપતી. સતીત્વ, નિડરતા
અને સત્ય માટે પોતાના જીવની પણ કરવા કરતી નહીં.
જરૂર પડે તો હાથમાં તલવાર લઈ રણ મેદાનમાં નીકળી પડતી.
પોતાની આબરૂ બચાવવા માટે ક્યારેક જૌહરનો કરતી હતી.



ગઢવાલ રાજ્યનો સ્થાપક ચંદ્રદેવ હતો. કાશી તેની બીજી રાજધાની હતી. આ વંશના ગોવિંદ ચંદ્રએ ગજનીના આક્રમણને અટકાવ્યું હતું.


બુંદેલખંડમાં યશોવર્મા, કીર્તિ વર્મન જેવા મહાન શાસકો થઈ ગયા. ખજૂરાહોના ભવ્ય મંદિરો બન્યા.

બંગાળમાં પાલ અને સેન વંશનુ શાસન સ્થપાયું હતું. વિજય સેનના પુત્ર બલ્લાલે ' દાનસાગર' અને 'અદભુતસાગર 'નામના ગ્રંથો રચ્યા હતા.









**ઉત્તર ભારતનો માળવાના પરમાર વંશનું શાસન આવાસનો શ્રેષ્ઠ રાજા ભોજ તથા તેની ધારાનગરી**





ઈસવીસન 1191 માં થાણેશ્વર અને કરનાલ વચ્ચે આવેલા તરાઈના મેદાનમાં શાહબુદ્દીન ઘોરી  અને પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચે યુદ્ધ થયું.જેમાં પૃથ્વીરાજ ચૌહાણ જીતી ગયો.
તેના પછી ઈસવીસન 1192 માં પૃથ્વીરાજ ચૌહાણની શાહબુદ્દીન ઘોરી સામે બીજા યુદ્ધમાં હાર થઈ અને દિલ્હીની ગાદી ઉપર મુસ્લિમ સત્તાનો ઉદય થયો.






આઠમી સદીના મધ્યમાં આશરે ઈસવીસન 756 માં સરસ્વતી નદીના કિનારે વનરાજ ચાવડાએ અણહિલવાડ પાટણની સ્થાપના કરી હતી. પોતાના બાળપણના મિત્રો અણહિલ ભરવાડના નામ ઉપરથી વનરાજ ચાવડાએ નવીન નગર વસાવ્યું હતું. ગુજરાતમાં સૌરાષ્ટ્રને કચ્છમાં ચાવડા વંશના શાસકો હતા.





સોલંકી વંશમાં મૂળરાજ, ભીમદેવ પહેલો, સિધ્ધરાજ જયસિંહ ,કુમારપાળ ,ભીમદેવ બીજો વગેરે શક્તિશાળી શાસકો થઈ ગયા.

આ સમયે ગુજરાત ખૂબ જ સમૃદ્ધ હતું .

રાણી ઉદયમતીએ પાટણમાં વિશ્વપ્રસિદ્ધ રાણકીવાવ બંધાવી હતી. જે unesco વર્લ્ડ હેરિટેજ સાઈટ નો દરજ્જો ધરાવે છે.





સિધ્ધરાજ જયસિંહના માતા મીનળદેવી આદર્શ રાજમાતા હતા.

સોમનાથનો યાત્રાવેરો બંધ કરાવવો, ધોળકાના મલાવ તળાવમાં તેમનો ન્યાય જોવા મળે છે.






**સિધ્ધરાજ જયસિંહ કલીકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી પાસે ' સિદ્ધહેમશબ્દાનુશાસન'  નામનો સુંદર ગ્રંથ રચાવ્યો હતો. જેની હાથી પર મૂકી આખા પાટણમાં શોભાયાત્રા કાઢી હતી પાટણનો રાજા પણ આમ પ્રજાની સાથે ચાલ્યો હતો.**







કુમારપાળ પ્રજા કલ્યાણની રાજા હતો.
જૈન મુનિ હેમચંદ્રાચાર્યનો તેના ઉપર ઘણો પ્રભાવ હતો.
તેમની પ્રેરણાથી રાજ્યમાં જુગારની રમત, પશુવધ પર પ્રતિબંધ
મૂક્યો. અહિંસાના પાલન માટે કડક આજ્ઞાઓ કરી.
હેમચંદ્રાચાર્યજીએ કુમારપાળ ચરિત્ર ગ્રંથ લખ્યો હતો.




કુમારપાળ પછી ગાદી આવેલા અજયપાળનુ ચાર વર્ષના શાસન પછી અવસાન થયું.
તેનો બાળ પુત્ર મૂળરાજ બીજો ગાદીએ આવ્યો.
ઇસવીસન 1178 ની આસપાસ શાહબુદ્દીન ઘોરીએ ગુજરાત ઉપર આક્રમણ કરેલ ત્યારે મૂળરાજ બીજો અને તેની માતા નાયકાદેવીએ તેનો સામનો કરી શાહબુદ્દીન ઘોરીને ઘણો ખરાબ રીતે હરાવ્યો હતો.
આ લડાઈમાં નાડોલના રાજા કલ્હણ અને તેના ભાઈ કીર્તિપાલે મદદ કરી હતી.





સોલંકી વંશ પછી ગુજરાતમાં વાઘેલા રાજાઓનું શાસન સ્થપાયું.
આ વંશમાં વીર ધવલ, વિશળદેવ, અર્જુનદેવ, સારંગદેવ જેવા રાજાઓ થઈ ગયા.
વીર ધવલના મંત્રી વસ્તુ પાળ અને તેજપાલ સમર્થ મંત્રીઓ હતા.
તેમના લીધે ગુજરાત મુસ્લિમોના આક્રમણ થી બચ્યું હતું.
વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ વાઘેલાના સમયમાં ઇસવીસન 1304 ની આસપાસ ગુજરાતમાં દિલ્હી સલ્તનતની સત્તા સ્થપાઈ.






## મહમદ બેગડો

ઈસવીસન 1407 માં ઝફરખાન મુજફર શાહ નામ ધારણ કરી ગુજરાતનો સુલતાન બન્યું આ વર્ષમાં 14 સુલતાનો થઈ ગયા જેમાં અહમદશાહ મહંમદ બેગડો બહાદુર શાહ જેવા સુલતાનો હતો તેના પછી મુઘલ શાસનની શરૂઆત થઈ






દક્ષિણ ભારતમાં પુલકેશી બીજાના વિશાળ સામ્રાજ્ય વાત આપીના ટુકડા થયા અને તેમાંથી ચાલુક્ય રાષ્ટ્રકૂટ પલ્લવ ચોલ પાંડય ચેર જેવા રાજવંશો ઉદ્દભવ્યા.




રાષ્ટ્રકૂટ વંશનો પ્રથમ રાજા ઇન્દ્ર પ્રથમ ને માનવામાં આવે છે.
ગોવિંદ ત્રીજો આ વંશનો શક્તિશાળી રાજા હતો.

યાદવ બે વંશના બે રાજ્યો હતા .
દેવગીરી અને દ્વાર સમુદ્ર.

દ્વાર સમુદ્રમાં હોલસેલ અને દેવગીરીમાં યાદવનું શાસન હતું.




દક્ષિણમાં આ ઉપરાંત વારાંગલનો કાકતીય વંશ મહત્વનો હતું. પલ્લવવંશની સ્થાપના બપ્પદેવે કરી હતી. કાંચીપુરમ તેની રાજધાની હતી.

ચૌલમંડળ રાજ્યની રાજધાની તાંજોર હતી. દક્ષિણમાં પાંડે રાજ્ય નાનું પણ વેપારી મથક હતુ. ચેર રાજ્યનું બીજું નામ કેરલ અથવા મલયાલમ હતું.










**આઠમીથી બારમી સદી દરમિયાન ભારતમાં મુસ્લિમ આક્રમણો થયા. મોહમ્મદ ઈબ્ન કાસીમ, સબૂકતગીન વગેરે આક્રમણ કર્યું.**

**ગજનીના સુલતાન મોહમ્મદ ગજનીએ ઈસવીસન 1000 થી ઈસવીસન 1026 ના સમયગાળામાં ભારતની અઢળક ધન સંપત્તિ જોઈને ઘણી ચડાઈઓ કરી .ઈસવીસન 1026 માં તેણે સોમનાથ ઉપર ચડાઈ કરી અઢળક સંપતિ લૂંટી હતી.**

**તેના 150 વર્ષ પછી શાહબુદ્દીન ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણને હરાવી દિલ્હી ઉપર સત્તા સ્થાપી.**

# 🙏 મુલાકાત બદલ આભાર 🙏

Tr. Sanjay Joshi Gujrat

Tr. Sanjay_Joshi_SS

શ્રી નાણોટા પ્રા. શાળા

9723237007

👉 સામાજિક વિજ્ઞાન વિષયની રસપ્રદ પ્રવૃત્તિઓ

માટે જોડાયેલા રહો....